Date:- 18-07-2024
Divya Bhaskar, Page-ii, Surat

દિવ્ય ભાસ્કર

# સુરત ફ્રંટ પેજ

divyabhaskar.com
દિવ્ય ભાસ્કર, સુરત, ગુરુવાર, 18 જુલાઈ, 2024 | II

**ભાસ્કર ગ્રાઉન્ડ રિપોર્ટ** તાપી TBM સેન્ટ્રલ વેરહાઉસ ક્રોસ કરી સ્ટેશન તરફ આગળ વધ્યું

# કાપોદ્રાથી સ્ટેશન વચ્ચે મેટ્રોની 2.3 કિમીની અપડાઉન ટનલ તૈયાર, હજુ 1.2 કિમીનું કામ 3 મહિનામાં પૂરું થશે

## કાપોદ્રાથી સુરત રેલવે સ્ટેશન સુધી અંડરગ્રાઉન્ડ ટનલનું કામ 90 ટકા જેટલું પૂર્ણ, સેન્ટ્રલ વેર હાઉસથી બાકી 10 ટકા કામ ઓક્ટોબર સુધીમાં થઈ જશે



15મીએ તાપી TBM સેન્ટ્રલ વેરહાઉસ બહાર દેખાતા જ કર્મચારીઓ ખુશ થઈ ગયા હતા.

લવકુશ મિશ્રા | સુરત

કાપોદ્રાથી રેલવે સ્ટેશન 3.5 પૈકી 2.3 કિમીની અપ-ડાઉન ટનલ તૈયાર થઈ ગઈ છે, બાકીનું 1.2 કિમીનું કામ 3 માસમાં પૂર્ણ થશે. સેન્ટ્રલ વેરહાઉસથી રેલવે સ્ટેશન સુધી અંડરગ્રાઉન્ડ ટનલનું કામ 90 ટકા પૂર્ણ થયું છે, બાકી 10% કામ ઓક્ટોબર સુધીમાં થઈ જશે.

તાપી TBM (ટનલ બોરિંગ મશીન) સેન્ટ્રલ વેરહાઉસ ક્રોસ કરી સ્ટેશન તરફ આગળ વધ્યું છે. ટીબીએમ નર્મદા પછી હવે તાપીએ પણ બ્રેક થ્રૂ કરી દીધું છે. આ બ્રેક થ્રૂ અંડરગ્રાઉન્ડ મેટ્રો રેલ સ્ટેશન સેન્ટ્રલ વેર હાઉસ પર પૂર્ણ કરાયું છે. હવે બંનેના એક-એક બ્રેક થ્રૂ બાકી છે. જે લંબે હનુમાન રોડના નીચે બની રહેલા મેટ્રો સ્ટેશન પર પૂર્ણ થશે. સુરત મેટ્રોના અધિકારીઓએ જણાવ્યું કે, આ વર્ષ જાન્યુઆરીમાં તાપી ટીબીએમએ અપલાઈન ટનલ માટે લાભેશ્વર ચોક સ્ટેશનથી ટનલ ડ્રિલીંગનું કામ શરૂ કર્યુ હતું અને સાડા પાંચ મહિનામાં એટલે કે 16 જુલાઈએ સેન્ટ્રલ વેર હાઉસ સુધી 644 મીટર ટનલ બનાવી સેન્ટ્રલ વેર હાઉસથી બહાર નિકળી છે. તાપી ટીબીએમને હવે સેન્ટ્રલ વેર હાઉસ સ્ટેશનથી આગળ મોકલાશે અને સુરત રેલવે સ્ટેશન સુધી 388 મીટરના ટનલ નિર્માણનું કાર્ય કરાશે. આ કામ 3 મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. એટલે ઓક્ટોબર સુધી કાપોદ્રાથી સુરત રેલવે સ્ટેશન સુધી 3.46 કિલોમીટર સુધી ટનલનું કામ પૂર્ણ કરવામાં આવશે.

## અંડરગ્રાઉન્ડ માર્ગે બંને બાજુથી 2-2 TBM ખોદાણ કરી સુરત સ્ટેશન પાસે ભેગી થશે




### અપલાઇનની ટનલ બનાવી રહી છે તાપી TBM

- કાપોદ્રાથી લાભેશ્વર 1450 મીટર તૈયાર
- લાભેશ્વરથી સેન્ટ્રલ વેર હાઉસ 644 મીટર તૈયાર
- સેન્ટ્રલ વેર હાઉસથી સુરત સ્ટેશન 389 મી. શરૂ થશે
- કુલઃ 2484 મીટરમાંથી 2094 મીટર ટર્નલ તૈયાર

### ડાઉનલાઇનની ટનલ બનાવી રહી છે નર્મદા TBM

- કાપોદ્રાથી લાભેશ્વર 1453 મીટર તૈયાર
- લાભેશ્વરથી સેન્ટ્રલ વેર હાઉસ 651 મીટર તૈયાર
- સેન્ટ્રલ વેર હાઉસથી સુરત સ્ટેશન 388 મી. ડ્રિલીંગ ચાલુ
- કુલઃ 2492 મીટરમાંથી 2200 મીટર ટર્નલ તૈયાર

### 3 મહિના પછી ટર્નલમાં ટ્રેક પાથરવાનું શરૂ થશે

મેટ્રો અધિકારીઓ જણાવ્યું કે, મેટ્રોમાં 7 કિમી અન્ડરગ્રાઉન્ડ માર્ગનો પહેલો હિસ્સો કાપોદ્રાથી સુરત રેલવે સ્ટેશન સુધી છે. જેની લંબાઈ 3.46 કિમી છે. જેમાં 90 ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. હવે સેન્ટ્રલ વેર હાઉસથી સુરત સ્ટેશન વચ્ચે માત્ર 388 મીટર ટનલનું કામ બાકી છે. જેને 2 માસમાં પૂર્ણ કરાશે. નવેમ્બરથી કાપોદ્રાથી ટનલમાં ટ્રેક બિછાવવાનું કામ શરૂ થશે.